# રીયલ લાઈફમાં વિશ્વાસ છે, રીલ લાઈફમાં નહીં
# વિવિયન ડિસેના



શો બાજ

**ભારતીય ટેલિવિઝન જગતમાં એવા બહુ ઓછા કલાકારો છે જેઓ સ્ક્રીન પર પગ મૂકતાની સાથે જ આખી ફ્રેમ પર પોતાનો કબ્જો જમાવી લે છે. 'પ્યાર કી યે એક કહાની'ના રહસ્યમય એટીટ્યુડથી લઈને 'મધુબાલા'ના સુપરસ્ટાર RK તરીકે દર્શકોના દિલ પર રાજ કરનાર વિવિયન ડીસેના એ જ નામ છે. પોતાની કડક એક્ટિંગ, દમદાર અવાજ અને 'નો-નોનસન્સ' એટીટ્યુડ માટે જાણીતા વિવિયન માત્ર સ્ક્રીન પર જ નહીં, પરંતુ રિયલ લાઈફમાં પણ એટલા જ સ્પષ્ટવક્તા અને દિલદાર છે. તો ચાલો વધુ જાણીએ વિવિયનને....**

### આજકાલ તારી સવાર કેવી રીતે શરૂ થાય છે? શું હજુ પણ એ જ શાંત અને રોયલ અંદાજ રહે છે?

(હસતાં) ખૂબ ખૂબ આભાર! હા, બિલકુલ. હું હંમેશાંથી સવારે મારી પોતાની સ્પેસ પસંદ કરું છું. મારી સવાર એક સરસ કડક બ્લેક કૉફી અને થોડા મૌન સાથે થાય છે. ફોન હું સવારે જાગતાંની સાથે જ ચેક નથી કરતો. પહેલાં પોતાના વિચારોને સેટ કરવા, થોડું ધ્યાન ધરવું અને પછી જ બહારની દુનિયા સાથે કનેક્ટ થવું આ મારી રોજના કામની રીત છે.

### ઘણા કેરેક્ટર પ્લે કર્યા તેમાં દિલની સૌથી નજીક કયું પાત્ર છે?

આ સવાલ ખૂબ અઘરો છે, કારણ કે દરેક પાત્ર મારી કારકિર્દીનો એક મહત્ત્વનો પડાવ રહ્યો છે. પરંતુ જો કોઈ એક પસંદ કરવાનું હોય, તો 'મધુબાલા'નો RK (ઋષભ કુંદ્રા) અને 'પ્યાર કી યે એક કહાની'નો અભય. આ બંને પાત્રોએ ભારતીય ટીવી પર એક નવો ટ્રેન્ડ શરૂ કર્યો હતો. લોકો આજે પણ મને આ નામોથી યાદ કરે છે, જે એક કલાકાર તરીકે મારા માટે બહુ મોટો એવોર્ડ છે.

### રિયાલિટી શોનો અનુભવ ડેઇલી સોપ કરતાં કેટલો અલગ રહ્યો?

ખૂબ જ અલગ અને ચેલેન્જિંગ! ડેઇલી સોપમાં તમારી પાસે સ્ક્રિપ્ટ હોય છે, ડાયરેક્ટર હોય છે અને તમે એક કાલ્પનિક પાત્ર ભજવો છો. પરંતુ રિયાલિટી શોમાં કોઈ સ્ક્રિપ્ટ નથી હોતી, ત્યાં તમારે કેમેરા સામે 24 કલાક 'વિવિયન ડીસેના' બનીને જ રહેવાનું હોય છે. ત્યાં તમારી ધીરજ, તમારા સંસ્કાર અને તમારું વ્યક્તિત્વ કસોટી પર ચડે છે. આ અનુભવે મને માનસિક રીતે વધુ મજબૂત બનાવ્યો છે.

### તું જ્યારે શૂટિંગ નથી કરતો ત્યારે ઘરે શું કરવાનું પસંદ કરે છે?

હું સાચો હોમબડી છું! જ્યારે હું શૂટિંગ નથી કરતો, ત્યારે મને ઘરે રહેવું, મારી ફેમિલી સાથે સમય વિતાવવો અને ખાવાનું બનાવવું ખૂબ ગમે છે. હા, બહુ ઓછા લોકોને ખબર છે કે હું એક સારો કૂક પણ છું! આ સિવાય ફૂટબોલ મેચ જોવી અને રમવી એ મારો સૌથી મોટો સ્ટ્રેસ બસ્ટર છે. હું લાઈમલાઈટથી દૂર મારી પોતાની એક નાની અને શાંત દુનિયામાં રહેવાનું પસંદ કરું છું.

### જો એક્ટર ન હોત તો?

(ખડખડાટ હસતાં) જો હું એક્ટિંગમાં ન આવ્યો હોત, તો હું કોઈ પ્રોફેશનલ ફૂટબોલર જ બન્યો હોત અથવા તો સ્પોર્ટ્સ ક્ષેત્રે જ આગળ વધ્યો હોત. ફૂટબોલ મારો પહેલો પ્રેમ છે. આજે પણ જ્યારે પણ મને તક મળે છે, હું ક્રિશ્ચિયાનો રોનાલ્ડોની મેચ જોવાનું કે મિત્રો સાથે ટર્ફ પર ફૂટબોલ રમવાનું ક્યારેય ચૂકતો નથી.

### લાઈફના ચેન્જને કેવી રીતે હેન્ડલ કરે છે?

લાઈફમાં ચેન્જ જ આવે જ છે. જો તમે બદલાવથી ડરશો, તો તમે આગળ નહીં વધી શકો. હું ભગવાનમાં ઊંડો વિશ્વાસ રાખું છું. મારી લાઈફમાં જે પણ ફેઝ આવ્યો છે, તેને મેં સાચા દિલથી સ્વીકાર્યો છે. સમય સાથે માણસે પરિપક્વ થવું પડે છે. આજે હું પહેલાં કરતાં વધુ શાંત, સંતુષ્ટ અને જીવન પ્રત્યે વધુ આભારી અનુભવું છું.

### આટલી જોરદાર 'ફેન ફોલોઈંગ' પાછળનું રહસ્ય શું છે?

પ્રામાણિકતા! હું ક્યારેય કોઈ નકલી પર્સનાલિટી કે બનાવટી ઈમેજ બનાવવાનો પ્રયાસ નથી કરતો. હું સ્ક્રીન પર જેવો દેખાઉં છું, રિયલ લાઈફમાં પણ એવો જ છું! ઓછું બોલવાવાળો પણ સ્પષ્ટવક્તા. ફેન્સ ખૂબ સમજદાર હોય છે, તેઓ ઓળખી જાય છે કે કોણ દિલથી કામ કરે છે. હું મારા કામને હંમેશા 100% આપું છું અને મારા ચાહકોનો પ્રેમ જ મારી ખરી તાકાત છે.

### સોશિયલ મીડિયા પર એક્ટિવ કેમ નથી?

હું 'રીયલ લાઈફ' જીવવામાં વિશ્વાસ રાખું છું, 'રીલ લાઈફ'માં નહીં. આજકાલ લોકો પોતાની દરેક પળ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવાના ચક્કરમાં વર્તમાન પળને માણવાનું ભૂલી જાય છે. મને મારી પ્રાઈવસી બહુ વહાલી છે. હું સોશિયલ મીડિયાનો ઉપયોગ માત્ર મારા ફેન્સ સાથે જરૂરી અપડેટ્સ શેર કરવા માટે જ કરું છું.

### OTT કે ફિલ્મોમાં જવાનો કોઈ પ્લાન?

ચોક્કસ! હું હંમેશાં કંઈક એવું કામ કરવા માંગુ છું જે મારા ફેન્સને નિરાશ ન કરે. હું અત્યારે કેટલાક ખૂબ જ રસપ્રદ સ્ક્રિપ્ટ્સ વાંચી રહ્યો છું. જો મને કોઈ મજબૂત અને અલગ પ્રકારનો રોલ મળશે, તો હું ચોક્કસથી OTT અથવા નવા પ્લેટફોર્મ પર પણ કામ કરીશ. મારા માટે માધ્યમ કરતાં રોલ અને વાર્તાનું મહત્ત્વ વધારે છે. ખૂબ જલ્દી કંઈક ધમાકેદાર સરપ્રાઈઝ મળશે!

### ફેન્સને કોઇ ખાસ મેસેજ આપવા માંગે છો?

હું બસ એટલું જ કહીશ કે, હંમેશાં પોતાની જાત પ્રત્યે સાચા રહો. બીજાની નકલ કરવાનો પ્રયાસ ન કરો. લાઈફમાં ગમે તેટલી સકસેસ મળે, તમારા પગ હંમેશા જમીન પર રહેવા જોઈએ. મહેનત કરતા રહો, ધીરજ રાખો અને ક્યારેય શોર્ટકટ ન શોધો. શોર્ટકટથી મળેલી સફળતા ક્ષણિક હોય છે, પણ સખત મહેનતથી બનાવેલી ઓળખ આજીવન રહે છે.

# કોણ જીતશે દિલ ને કોણ સ્ટેજ? 'Campus Beats 7'

આજના સમયમાં OTT પર કોલેજ લાઈફ અને ડાન્સ બેઝ્ડ કન્ટેન્ટની કમી નથી, પણ 'Campus Beats'ની વાઈબ સાવ અલગ જ લેવલની છે! યુથના ડ્રીમ્સ, લવ, લવલી ફ્રેન્ડશિપ, હાઈ-વોલ્ટેજ કોમ્પિટિશન અને નેક્સ્ટ-લેવલ ડાન્સ મુવ્ઝનો એવો પરફેક્ટ મસાલો છે કે એક એપિસોડ પતે એટલે બીજા એપિસોડ માટે ક્યુરિઓસિટી ઓટોમેટિક વધી જાય. હવે 'Campus Beats - Season 7' સાથે આ રાઈડ વધુ થ્રિલિંગ અને રોમાંચક બની ગઈ છે.




આ નવી સીઝન Amazon MX Player પર સ્ટ્રીમ થઈ રહી છે અને રીલીઝ થતાની સાથે જ યુથમાં આનો જબરદસ્ત ક્રેઝ જોવા મળી રહ્યો છે. ઈન્સ્ટાગ્રામ પર સિરીઝની ડાન્સ ક્લિપ્સ અને ડાયલોગ્સ પર રીલ્સ વાયરલ થઈ રહી છે. જો તમે ડાન્સ અને હાઈ-વોલ્ટેજ કોલેજ ડ્રામાના ફેન છો, તો આ સીઝન તમારા માટે અલ્ટીમેટ એન્ટરટેઈનમેન્ટ પેકેજ છે.



**સ્ટાઈલિશ પ્રેઝન્ટેશન અને સિનેમેટિક ફીલ**

Banijay Asia ના બેનર હેઠળ બનેલી અને પ્રોડ્યુસર પિયુષ ગુપ્તા દ્વારા તૈયાર કરાયેલી આ સિરીઝમાં આજના યુથના ટેસ્ટનું ખાસ ધ્યાન રખાયું છે. સ્ટોરી, કિલર મ્યુઝિક અને વિઝ્યુઅલ્સ એટલા સ્ટાઈલિશ છે કે દરેક એપિસોડમાં બોલિવૂડ કે હોલિવૂડ ફિલ્મ જેવી સિનેમેટિક વાઈબ આવે છે.

ફ્રી વોચ

પાવર-પેક્ડ કાસ્ટ અને રીઅલ ઈમોશન્સ

સ્ટાર કાસ્ટની વાત કરીએ તો શ્રેયા મેહતા, શ્રુતિ સિન્હા, તન્માન સિંહ, ધીરજ ધૂપર અને બીજા યંગ આર્ટિસ્ટ્સે પોતપોતાના રોલમાં જીવ રેડી દીધો છે. દરેક કેરેક્ટરની પોતાની અલગ જ જર્ની છે–કોઈ પ્રેમ માટે ફાઈટ કરે છે, કોઈ પોતાના ડ્રીમ્સ ચેઝ કરે છે, તો કોઈ પોતાની ઓળખ બનાવવા સ્ટ્રગલ કરે છે. આ જ રીઅલ ઈમોશન્સ આ

**આ સીઝનમાં માત્ર લવ સ્ટોરી નથી, પણ જેલસી, બેટ્રેયલ, ટ્રુ ફ્રેન્ડશિપ, સેલ્ફ-કોન્ફિડન્સ અને સક્સેસ મેળવવાની રેસને પણ ખૂબ ઇન્ટરેસ્ટિંગ રીતે વણી લેવાઇ છે**

શોને ફક્ત ડાન્સ શો નથી રાખતા, પણ એક ટચિંગ જર્ની બનાવી દે છે.

સીઝન 7 નો સૌથી મોટો પ્લસ પોઈન્ટ છે એના માઈન્ડ-બ્લોઈંગ ડાન્સ પરફોર્મન્સ!

સ્ટાઈલ્સ: હિપ-હોપ, કન્ટેમ્પરરી, ફ્રીસ્ટાઈલ અને અર્બન ડાન્સના એવા શાનદાર એક્ટ્સ છે જે આંખો હટાવવા નહીં દે.

**પ્રોડક્શન:** કોરિયોગ્રાફી લાર્જર-ધેન-લાઈફ લાગે છે. કેમેરાવર્ક, સ્વાગી લાઈટિંગ અને ધબકતું બેકગ્રાઉન્ડ મ્યુઝિક આ ડાન્સ મુવ્ઝને નેક્સ્ટ લેવલ પર લઈ જાય છે.

આ સીઝનમાં માત્ર લવ સ્ટોરી નથી, પણ જેલસી, બેટ્રેયલ, ટ્રુ ફ્રેન્ડશિપ, સેલ્ફ-કોન્ફિડન્સ અને સક્સેસ મેળવવાની રેસને પણ ખૂબ ઈન્ટરેસ્ટિંગ રીતે વણી લેવાઈ છે. દર એપિસોડમાં આવતા અનએક્સપેક્ટેડ ટ્વિસ્ટના કારણે પેસ ક્યારેય સ્લો નથી પડતી.

ટેકનિકલી પણ સીઝન 7 એકદમ સોલિડ છે. આઈ-કેચિંગ લોકેશન્સ, શાર્પ એડિટિંગ અને પાવરફુલ બીટ્સ દરેક સીનને લિવલી બનાવે છે. ડાન્સ બેટલ્સ વખતે કેમેરાની મુવમેન્ટ એવી છે કે તમને એવું જ લાગે કે તમે જાતે સ્ટેજની સામે બેસીને લાઈવ શો જોઈ રહ્યા છો!

IMDb રેટિંગ અને સોશિયલ મીડિયા બઝ

IMDb પર આ શોને 7.4/10 ની શાનદાર રેટિંગ મળી છે, જે સાબિત કરે છે કે ઓડિયન્સને આ નવો અવતાર ખૂબ ગમી રહ્યો છે. સોશિયલ મીડિયા પર ફેન્સ આના ડાન્સ સિક્વન્સ અને એક્ટિંગના કેપ્શન સાથે વખાણ કરી રહ્યા છે.

જો તમે 'Step Up' જેવી આઈકોનિક ડાન્સ ફિલ્મો અથવા મસાલેદાર કોલેજ ડ્રામાના ક્રેઝી ફેન છો, તો 'Campus Beats - Season 7' ને તમારી વૉચલિસ્ટમાં અત્યારે જ ઉમેરી દો. અહીં માત્ર ડાન્સ નથી, પણ ડ્રીમ્સ પૂરા કરવાની જીદ, રિલેશનશિપનો સ્પાર્ક અને જીતવા માટેનો રોમાંચ છે.

ટૂંકમાં કહીએ તો, આ સીઝન એટલે યુથફુલ એનર્જી, કિલર મ્યુઝિક, સ્વીટ-સ્પાઈસી રોમાન્સ અને ધમાકેદાર ડાન્સનું કિલર કોમ્બો! જો તમને રોમાન્સ સાથે રિધમનો તડકો ગમતો હોય, તો આ શો આજે જ પતાવી દો! ●

# 'The Traitors 2': દોસ્તી નહીં, દગાની ગેમ શરૂ!

જો તમને લાગે છે કે રિયાલિટી શો એટલે માત્ર ઝઘડા, ટાસ્ક અને એલિમિનેશન, તો 'The Traitors 2' તમારી વિચારસરણી બદલી નાખશે. અહીં જીતવા માટે સૌથી મજબૂત નહીં, પરંતુ સૌથી ચાલાક ખેલાડી બનવું પડે છે. સ્માઈલ પાછળ રહસ્ય, દોસ્તીની પાછળ દગો અને દરેક એપિસોડમાં એવો ટ્વિસ્ટ કે છેલ્લી મિનિટ સુધી અંદાજ લગાવવો મુશ્કેલ બની જાય. પહેલી સીઝનની જબરદસ્ત સફળતા બાદ હવે 'The Traitors 2' વધુ મોટા સ્કેલ અને વધુ ખતરનાક ગેમપ્લાન સાથે આવી રહી છે.




આ રિયાલિટી વેબ સિરીઝ 13 ઓગસ્ટ, 2026થી Prime Video પર સ્ટ્રીમ થશે. નવા એપિસોડ દર બુધવાર અને ગુરુવારે રિલીઝ કરવામાં આવશે, જેથી દર્શકોને દર અઠવાડિયે સસ્પેન્સનો ડબલ ડોઝ મળશે. એટલે જો તમે થ્રિલર અને માઈન્ડ ગેમના શોખીન હો, તો આ સિરીઝ તમારી વોચલિસ્ટમાં ચોક્કસ હોવી જોઈએ.

આ વખતે પણ શોના હોસ્ટ તરીકે કરણ જોહર જોવા મળશે, કરણની સ્ટાઈલિશ એન્ટ્રી, શાર્પ કોમેન્ટ્સ અને દરેક ટ્વિસ્ટને રજૂ કરવાની અનોખી રીત શોની સૌથી મોટી ખાસિયતોમાંની એક છે. ગેમ દરમિયાન તેઓ ખેલાડીઓની માનસિક સ્થિતિને વધુ રસપ્રદ બનાવી દે છે.

'The Traitors'ની સૌથી મોટી ખાસિયત એ છે કે અહીં કોઈ પણ ખેલાડી પર આંખ મીંચીને વિશ્વાસ કરી શકાય નહીં. શરૂઆતમાં તમામ ખેલાડીઓ એકબીજાના મિત્ર જેવા લાગે છે, પરંતુ રાત્રે ગુપ્ત રીતે કેટલાક ખેલાડીઓને Traitors તરીકે પસંદ કરવામાં આવે છે. તેમનું કામ હોય છે બીજાને ગેમમાંથી બહાર કરવાનું, જ્યારે બાકીના Faithfulsનું કામ હોય છે સાચા Traitorsને શોધીને બહાર કરવાનું. બસ, આ જ રમતને દરેક એપિસોડ સાથે વધુ રોમાંચક બનાવી દે છે.

આ વખતે શોમાં અનેક જાણીતા ચહેરાઓ જોવા મળશે.

**તમે ટીવી સામે બેઠા હો અને દરેક ખેલાડીના ચહેરા, હાવભાવ અને વાતચીત પરથી અંદાજ લગાવતા રહો કે આખરે દગાબાજ કોણ છે? ઘણી વખત જે ખેલાડી સૌથી નિર્દોષ લાગે, તે જ સૌથી મોટો Traitor નીકળે છે**

મલ્લિકા શેરાવત, મુનવ્વર ફારૂકી, ઉર્ફી જાવેદ સહિત કુલ 21 સેલિબ્રિટીઝ આ માઈન્ડ ગેમમાં ભાગ લેશે. દરેક ખેલાડી પોતાની સ્ટ્રેટેજી, એક્ટિંગ અને સમજદારીના જોરે અંત સુધી ટકી રહેવાનો પ્રયાસ કરશે. અહીં ફિઝિકલ સ્ટ્રેન્થ કરતાં બુદ્ધિ, અવલોકન અને માનસિક રમત વધુ કામ આવે છે.

પહેલી સીઝનમાં દર્શકોએ સોશિયલ મીડિયા પર ભારે ચર્ચાઓ કરી હતી. દરેક એપિસોડ પછી લોકો અંદાજ લગાવતા હતા કે સાચો Traitor કોણ હશે. અનેક મીમ્સ વાયરલ થયા હતા અને શો સતત ટ્રેન્ડમાં રહ્યો હતો. હવે બીજી સીઝન શરૂ થાય તે પહેલાં જ સોશિયલ મીડિયા પર જબરદસ્ત હાઈપ જોવા મળી રહી છે.

આ શો માત્ર મનોરંજન પૂરતો નથી. તે દર્શકોને પણ ગેમનો ભાગ બનાવી દે છે. તમે ટીવી સામે બેઠા હો અને દરેક ખેલાડીના ચહેરા, હાવભાવ અને વાતચીત પરથી અંદાજ લગાવતા રહો કે આખરે દગાબાજ કોણ છે? ઘણી વખત જે ખેલાડી સૌથી નિર્દોષ લાગે, તે જ સૌથી મોટો Traitor નીકળે છે.

બીજા રિયાલિટી શોની જેમ અહીં માત્ર ટાસ્ક જીતીને આગળ વધી શકાતું નથી. અહીં દરેક શબ્દ, દરેક નજર અને દરેક નિર્ણય મહત્વનો હોય છે. એક ખોટો મત આખી ગેમ પલટી શકે છે, જ્યારે એક સાચી શંકા તમને સીધા ફિનાલે સુધી પહોંચાડી શકે છે. એટલે જ આ શોને દુનિયાના સૌથી લોકપ્રિય સોશિયલ ડિડક્શન ફોર્મેટ્સમાં સ્થાન મળ્યું છે.

જો તમને 'Bigg Boss', 'Roadies' અથવા 'Khatron Ke Khiladi' જેવા શો ગમે છે, તો 'The Traitors 2' તમને એકદમ અલગ અનુભવ આપશે. અહીં ચીસો કરતાં શાંતિ વધુ ખતરનાક છે, મિત્રતા કરતાં શંકા વધુ જરૂરી છે અને વિશ્વાસ કરતાં બુદ્ધિ વધુ કિંમતી છે.

તો તૈયાર થઈ જાઓ. કારણ કે 13 ઓગસ્ટથી Prime Video પર શરૂ થનારી 'The Traitors 2'માં દરેક સ્માઈલ પાછળ એક રહસ્ય હશે, દરેક દોસ્તી પાછળ એક પ્લાન હશે અને દરેક એપિસોડ પછી એક જ સવાલ રહેશે - આખરે સાચો Traitor કોણ? ●

ઓટીટી

